# ૯.૭ જ્ઞાનમંદિરો : જૈન ધર્મનો મૂલ્યવાન વારસો.

'જ્ઞાનમંદિર' એટલે જ્ઞાનપ્રાપ્ત કરવા માટેની શાળા. જ્ઞાન મંદિર શબ્દનો ઉપયોગ જૈનો પુસ્તકાલય, ગ્રંથાલય માટે કરે છે. 'જ્ઞાનમંદિર'માં શબ્દની યથાર્થતાનો અનુભવ થાય છે. આ પુસ્તકાલયને ગ્રંથાલયમા જ્ઞાનની તરસ છીપાવવા માટે લોકો આવે છે. તેમાં સમય પસાર કરવા માટેના કે મનોરંજન માટેના પુસ્તકો નહિ, પરંતુ તત્વજ્ઞાન, ઈતિહાસ, સંસ્કૃતિ, જીવનચરિત્ર વગેરે જ્ઞાનની વિવિધ શાળાઓના પ્રાચીન ગ્રંથોનો સંગ્રહ હોય છે.

પ્રાચીન સમયમાં પુસ્તકો તાડપત્રો પર લખવામાં આવતા હતા. ત્યારબાદ કાગળ ઉપર લખાણ શરૂ થયું. આ લખાણ વિશિષ્ટ કાગળ ઉપર વિશિષ્ટ શાહીથી લખવામાં આવતું. આ જ્ઞાનમંદિરોમાં આવા તાડપત્રોનો અને હસ્તપત્રોનો સંગ્રહ ખૂબ ચિવટતા પૂર્વક કરવામાં આવ્યો હોય છે. જે જ્ઞાનમંદિરો કે જ્ઞાનભંડારો ખંભાત, લીંબડી, ડભોઈ, અમદાવાદ, પાટણ, જેસલમેર, બિકાનેર, આદિ શહેરોમાં એકથી વધુ છે. તે દરેકમાં તાડપત્રો અને હસ્તપત્રો પર લખવામાં આવેલ પ્રાચીનતમ ગ્રંથો ઉપલબ્ધ છે. તેમાં ઈસુના હજારેક વર્ષ પૂર્વેની પ્રતો પણ પ્રાપ્ત થાય છે. જૈન સંસ્કૃતિના ગ્રંથો અને પ્રતો પતો તેમાં છે જ, ઉપરાંત વેદ સંસ્કૃતિ અને બૌદ્ધક સંસ્કૃતિના અલભ્ય ગ્રંથો અને પ્રતોનો પણ સંગ્રહ થાય છે.

સાધુ- સાધ્વીજીની પ્રેરણાથી, શ્રાવક-શ્રાવિકાઓના પ્રયત્નથી આવા જ્ઞાનમંદિરો ઊભા થયા છે, અને થાય છે. સ્થાનિક સંઘ દ્વારા તેની સંભાળ રાખવામાં આવે છે. કેટલાંક વ્યક્તિગત માલિકીનાં જ્ઞાનમંદિર કે જ્ઞાનભંડાર પણ છે. તેની સંભાળ સંઘની વ્યક્તિ દ્વારા કે વ્યક્તિગત રીતે રાખવામાં આવે છે.

જૈન સંસ્કૃતિને સંપૂર્ણ પણે જાણવા અને સમજવા માટે આ જ્ઞાનભંડારો મહત્વની અને મબલખ સામગ્રી પૂરી પાડે છે. અમદાવાદમાં લાલભાઈ દલપતભાઈ ભારતીય પ્રાચ્ય વિદ્યામંદિર છે. તેમાં સંશોધન અને પ્રકાશનનું કાર્ય પણ થાય છે. તેમજ પાટણમાં હેમચંન્દ્રાચાર્ય જૈન જ્ઞાનભંડાર એક વિશિષ્ટ જ્ઞાનમંદિર છે. આ બન્ને જ્ઞાનભંડારોની મુલાકાતે દેશ વિદેશના વિદ્યાનો આવે છે. આમ જૈન સાહિત્ય ક્ષેત્રે જ્ઞાનમંદિરોનું સ્થાન વિશિષ્ટ છે.

**પ્રાચીન હસ્તપ્રતોનું જતન અને સંરક્ષણ**

ચિત્ર, શિલ્પ, પુરાતન અવશેષો અને પ્રાચીન હસ્તપ્રતોને આપણી પ્રાચીન સંસ્કૃતિના પુરાવાઓ માટેની મહત્વની સામગ્રી ગણવામાં આવે છે. ગુજરાતી ભાષા સાહિત્ય ઈ.સ. ૧૧૫૦થી અસ્તિત્વમાં આવ્યું તેમ ગણી શકાય ત્યારથી માંડીને ઈ.સ. ૧૮૫૦ સુધીના મધ્યકાલીન સમયગાળાની દાયકા-દાયકાની સમયનિર્દેશવાળી હસ્તપ્રતો ઉપલબ્ધ છે.

પ્રાચીન કાળમાં આપણા વિચારોની અભિવ્યક્તિ શાબ્દિક અને ભાષિક રુપે થતી હી તે પછી પત્થરની શિલા, ત્યારબાદ ધાતુઓની તકતીઓમાં ત્યાર પછી તાડપત્રો ,ભોજપત્રો અને પછી કાગળની હસ્તપ્રતોમાં તે અભિવ્યક્તિ થવા લાગી આ પ્રાચીન હસ્તપ્રતોની સુરક્ષા માટેની પાયાની અને પ્રાથમિક કહી શકાય એવી પૂરી માહિતી ઉપરાંત ચોકસાઈ તથા ચીવટ, હસ્તપ્રત ધરાવનાર સંગ્રાહક, સાંસ્કૃતિક, રાજકીય, સામાજિક, સાહિત્યક વિગતો ઘણી મહત્વની હોય છે તેનો અંદાજ નથી હોતો, પરિણામે યોગ્ય સમયની માવજત અને પદ્ધતિસરની જાળવણીની પ્રક્રિયાથી વંચિત રહે છે. આથી તેને જાળવવા માટે કંઈક કાયદાકીય જોગવાઈ કરવી જોઈએ.

કસ્તપ્રતોની સુરક્ષા માટે તેને સુતરાઉ કાપડામાં વીંટીને બાહડાની પેટીમાં રાખીને એ પેટીઓને લોખંડના કબાટમાં રાખવી, માઈક્રોફિલ્મિંગ કાર્ય પણ કરવું, ફાયર પ્રૂફ ચેમ્બર બનાવી તેમાં હસ્તપ્રતોને રાખવા જોઈએ.

ખંભાતના હસ્તપ્રત ભંડારોમાં હસ્તપ્રતોને સુતરાઉ લાલ કાપડામાં વીંટીને લાકડાની પેટીઓમાં રાખીને એ પેટીઓને લોખંડના કબાટમાં રાખવામાં આવે છે. જેથી હસ્તપ્રતો સારી હાલતમાં છે.

અમદાવાદની લાલભાઈ દલપતભાઈ પ્રાચ્યવિદ્યામંદિરે બધી જ તાડપ્રતોનું અને કેટલીક સચિત્ર હસ્તપ્રતોનું માઈક્રોફિલ્મિંગ કાર્ય પૂર્ણ કર્યું.

પાટણમાં આગથી પણ સુરક્ષિત રહે એ પ્રકારની ફાયરપ્રૂફ ચેમ્બરોમાં હસ્તપ્રતોને રાખવામાં આવ્યા છે.

સુરત, વડોદરા, અમદાવાદ અને રાજકોટમા જૂની પદ્ધતિએ પ્રાચીન હસ્તપ્રતોની જાળવણી કરવામા આવે છે.

તાજેતરમાં 'નેશનલ આર્કાઈઝ ઓફ ઈન્ડિયા' – ન્યુ દિલ્હીના અનુદાનથી ખાસ પ્રકારની હવા કે ધૂપ પણ ન પ્રવેશે એવી રચના વાળી હસ્તપ્રતોને અનુરૂપ કદની શુદ્ધ સાગના લાકડાની પેટીઓ બનાવી તેમાં ડામરની અને પેરાડાઈકલોરો બેન્જાઈનની ગોળીઓ રાખીને હસ્તપ્રતોને જાળવવામાં આવે છે. આ પેટીઓ ૨૧ ગેજના પતરાના ખાસ ઉષ્ણતામાનથી તાપમાન આપીને કલર કરાવેલા કબાટમાં રાખવામાં આવે છે. આથી ગરમી કે ભેજની વિકૃત અસર પ્રાચીન હસ્તપ્રતો પર થતી નથી અને આપણો પ્રાચીન વારસો જળવાઈ રહે છે.

તાડપત્રની, ભોજપત્રની અને કાગળની હસ્તપ્રતો એમ અલગ અલગ પ્રકારની હસ્તપ્રતોની બનાવટ જુદા જુદા પ્રકારની હોઈ તેની જાળવણીના ઉપચારો પણ અલગ અલગ હોય છે.

પ્રાચીન હસ્તપ્રતોને યોગ્ય રીતે સંરક્ષવાની, તેની જાળવણી કરવાની ખાસ જરૂર છે.

કોઈ પણ વસ્તુ નારવંત છે, પરંતુ તેની યોગ્ય રીતે જાળવણી કરવામા આવે તો તે લાંબો સમય સુંધી ટકી રહે છે. કુદરતી – પ્રાકૃતિક સડાથી જે જીવાતોથી બચે એ રીતે હસ્તપ્રતોની જાળવણી પ્રિઝર્વેશન દ્વારા કરવી જોઈએ.

યોગ્ય રીતે પ્રિઝર્વેશન હોય છતા અકસ્માતે કરીને કે પ્રકૃતિગત રીતે હસ્તપ્રતનું મૂળરૂપ નષ્ટ પામતું હોય તો એતે અટકાવવા – જાળવવા સંરક્ષણ માટે સૂક્ષ્મપૂર્વકનો રાસાયણિક ઉપચારોથી મૂળરૂપ ટકી રહે તે માટે કન્ઝર્વેશન ક્રિયા કરવી.

પૂરો વિવેક જાળવીને હસ્તપ્રતોમાંથી નષ્ટ થયેલી ખૂટતી કડીઓ જોડી આપવાની, ઝાંખા પડી ગયેલા રંગોની મૂળ વિગતો મૂકવાની અથવાતો નાશ પામી રહેલી મૂળ ચિત્રોની પ્રતિકૃતિ – રેખાંકનો દોરીને રાખવાની ક્રિયા એટલે કે પુનરુદ્ધારની કામગીરી કરવી જેને રેસ્ટોરેશન પદ્ધતિ કહેવામાં આવે છે.

આમ, પ્રાચીન હસ્તપ્રતોની જાળવણીની આ પ્રિઝર્વેશન, કન્ઝર્વેશન અને રેસ્ટોરેશનની પ્રક્રિયા યોગ્ય છે. આ હસ્તપ્રત જાળવણીનું એક શાસ્ત્ર છે. હસ્તપ્રત જાળવણી સંદર્ભમાં જૈન સંપ્રદાયનું આગવું સ્થાન છે.

આ જગત અને સંરક્ષણની યોજનાના કારણે બહુમૂલ્ય જ્ઞાનવારસો અકબંધ રીતે જળવાઈ રહ્યો છે.